# Telephone Conversation between PM and the President of the Republic of France

March 31, 2020

## વડાપ્રધાન અને ફ્રાન્સ ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

માર્ચ 31, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને ચાલું કોવિડ-19 મહામારીમાં જીવન ગુમાવવા બાબતમાં મહામહિમ રાષ્ટ્રપતિ મેક્રોન સમક્ષ દિલાસો વ્યક્ત કર્યો હતો. આ નેતાઓએ કટોકટીનાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય પાસાઓની ચર્ચા કરી હતી અને વર્તમાન પરિસ્થિતિમાં વૈશ્વિક સંલગ્નતા અને એકતાની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓ સંમત થયા હતા કે બન્ને દેશોની નિષ્ણાંતોની ટૂકડીઓ આ વાઈરસનાં ફેલાવાને અટકાવવાનાં પગલાઓ, અને સારવાર અને રસીઓ પરનાં સંશોધન પરની માહિતીનું સક્રિય રીતે આદાન-પ્રદાન કરશે.

ફ્રાન્સનાં રાષ્ટ્રપતિ વડાપ્રધાનનાં એ દ્રષ્ટિકોણ સાથે પ્રબળ રીતે સંમત થયા હતા કે કોવિડ-19 કટોકટી આધુનિક ઈતિહાસ માટે સંક્રાંતિકાળ છે, અને વિશ્વને વૈશ્વિકિરણનાં નવા માનવ-કેન્દ્રિય વિચારનું ઘડતર કરવાની તક પ્રદાન કરશે.

બન્ને નેતાઓએ સમગ્ર માનવતાને પ્રભાવિત કરતી આબોહવાનાં ફેરફાર જેવી અન્ય વૈશ્વિક ચિંતાઓ પરથી દ્રષ્ટિ નહીં હટાવવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓએ એ બાબત પર પણ બળ મૂક્યું હતું કે વર્તમાન કટોકટીમાં આફ્રિકા સહિતનાં અલ્પ વિકસિત દેશો તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની પણ જરૂર છે.

મહામહિમ રાષ્ટ્રપતિ મેક્રોને વડાપ્રધાનની સૂચનાનું હ્રદયપૂર્વક સ્વાગત કર્યું હતું કે મહામારીને લીધે ઘરોમાં બંધ થયેલા લોકો માટે યોગને આચરણમાં મૂકવાથી માનસિક અને શારીરિક સુખાકારીનો સુગમ માર્ગ પ્રદાન કરી શકાય છે. તેઓએ પુષ્ટિ કરી હતી કે વર્તમાન આરોગ્યની કટોકટીમાં યોગને ફ્રાન્સમાં નવા આચરણકર્તાઓ પ્રાપ્ત થઈ રહ્યા છે.

બન્ને આગેવાનો સંમત થયા હતા કે ભારત-ફ્રાન્સ ભાગીદારી વર્તમાન મુશ્કેલ સમયમાં માનવ-કેન્દ્રિય એકતાની ભાવનામાં પ્રગતિ કરવા તરફ યોગદાન આપી શકે છે.

**નવી દિલ્હી**
**માર્ચ 31, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.